સહાયક ઇજનેર પ્રકાશ રોહિત અને કાઉન્સિલર વચ્ચે મારામારી થઈ હતી

કોર્પોરેશનના સહાયક ઈજનેર સાથે મારામારીનો મામલો સંવિધાન બચાવો સમિતિની નિષ્પક્ષ તપાસની માગ

મારામારીમાં બંધારણીય અધિકારો અને સામાજિક ન્યાયના રક્ષણ માટે સમિતિ મેદાનમાં

(પ્રતિનિધિ) વડોદરા તા.6

શહેરમાં વહીવટી તંત્ર અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ વચ્ચેનો વિવાદ વણસી રહ્યો છે. તાજેતરમાં જ વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ફરજ બજાવતા સહાયક ઈજનેર અને કાઉન્સિલર વચ્ચે સર્જાયેલી મારામારીની ગંભીર ઘટનાએ હવે નવું જ સ્વરૂપ ધારણ કર્યું છે. આ મામલે અનુસૂચિત જાતિના અધિકારીઓ અને કર્મચારીઓના હિતોના રક્ષણ માટે આગળ આવેલી 'સંવિધાન બચાવો સમિતિ' દ્વારા નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરીને એક લેખિત રજૂઆત કરવામાં આવી છે, જેમાં સમગ્ર પ્રકરણની નિષ્પક્ષ તપાસ કરવાની અને વહીવટી તંત્રમાં અનામત નિયમોનો કડક અમલ કરાવવાની માંગ ઉઠાવવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ગત 2 નવેમ્બરના રોજ વડોદરા શહેરના વોર્ડ નંબર-4 અંતર્ગત આવતા ખોડિયારનગર ત્રણ રસ્તા પાસે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સહાયક ઈજનેર તરીકે ફરજ બજાવતા પ્રકાશ રોહિત અને કોર્પોરેશનના કાઉન્સિલર મયુર ચોવટિયા વચ્ચે કોઈક મુદ્દે ઉગ્ર બોલાચાલી બાદ મારામારીની ઘટના ઘટી હતી. આ ઘટનાને પગલે મ્યુનિસિપલ વર્તુળોમાં ભારે ચકચાર મચી ગઈ હતી અને કર્મચારીઓમાં રોષની લાગણી ફેલાઈ ગઈ હતી.

આ ઘટના બાદ અનુસૂચિત જાતિના અધિકારીઓ-કર્મચારીઓના અધિકારો અને સલામતીનો પ્રશ્ન એરણ પર આવ્યો છે. સંવિધાન બચાવો સમિતિએ આ મામલે સત્તાવાર રજૂઆત કરી જણાવ્યું છે કે, એક સરકારી ફરજ પરના અધિકારી સાથે આ પ્રકારે જાહેરમાં મારામારી થવી તે અત્યંત ગંભીર બાબત છે. સમિતિએ માંગ કરી છે કે આ સમગ્ર પ્રકરણની કોઈ પણ પક્ષપાત વગર તટસ્થ અને નિષ્પક્ષ તપાસ થવી જોઈએ, જેથી સત્ય બહાર આવી શકે અને દોષિતો સામે નિયમોનુસાર યોગ્ય કાર્યવાહી થઈ શકે. સાથે જ ફરજ પરના કોઈપણ કર્મચારી કે અધિકારીને અન્યાય ન થાય તેની ખાતરી કરવા પણ ભાર મૂકવામાં આવ્યો છે.

આ વિવાદ માત્ર એક મારામારી પૂરતો મર્યાદિત ન રહેતા હવે વહીવટી નીતિ-નિયમો સુધી પહોંચ્યો છે. સંવિધાન બચાવો સમિતિએ પોતાની રજૂઆતમાં વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની અંદર અનુસૂચિત જાતિના કર્મચારીઓના બંધારણીય અધિકારો, સામાજિક ન્યાય અને સમાનતાના હિતોના રક્ષણનો મુદ્દો પણ જોરશોરથી ઉઠાવ્યો છે.

સમિતિ દ્વારા માંગ કરવામાં આવી છે કે કોર્પોરેશન હદમાં અનામત રોસ્ટર વ્યવસ્થાનો યોગ્ય અને પારદર્શક અમલ કરવામાં આવે. આ ઉપરાંત, કર્મચારીઓના હિતોનું જતન થાય અને નિયમોનું પાલન થાય તે માટે રોસ્ટર લાઈઝન ઓફિસરની નિમણૂક કરવામાં આવે તેમજ વહીવટી સ્તરે જરૂરી વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવામાં આવે તેવી પણ વિશેષ માંગણી કરાઈ છે. અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરી સમક્ષ થયેલી આ લેખિત રજૂઆતના પગલે હવે આગામી દિવસોમાં મ્યુનિસિપલ કમિશનરને પણ આ અંગે યોગ્ય સૂચનાઓ અને ભલામણો કરવામાં આવે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે.

કાલાઘોડા પાસે ખેંચ આવતાં યુવાન બેભાન

(પ્રતિનિધિ) વડોદરા, તા.6

શહેરના કાલાઘોડા વિસ્તારમાં પેરેડાઈઝ કોમ્પ્લેક્સ સામે ગતરોજ વાઘોડિયા તાલુકાના પાટિયાપુરા ગામના 37 વર્ષીય હસમુખભાઈ જીવાભાઈ વસાવાને અચાનક ખેંચ આવતાં રસ્તા પર બેભાન થઈ ઢળી પડ્યા હતા. ઘટનાને પગલે આસપાસના લોકો મદદ માટે દોડી આવ્યા હતા.

જાગૃત નાગરિકોએ તાત્કાલિક 108 ઈમરજન્સી સેવાનો સંપર્ક કરતાં એમ્બ્યુલન્સની ટીમ સ્થળ પર પહોંચી હતી. 108ના કર્મચારીઓએ હસમુખભાઈની પ્રાથમિક તપાસ કરી જરૂરી સારવાર આપી હતી. ત્યારબાદ તેમને તાત્કાલિક વડોદરાની સયાજી જનરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

બિલિયન લાઈવ્સ ફાઉન્ડેશન દ્વારા સ્વર્ગ વૃદ્ધાશ્રમમાં દિવાળીની ઉજવણી

(પ્રતિનિધિ) વડોદરા તા.6

પ્રેમ, લાગણી અને એકતાનો સંદેશ ફેલાવવાના હેતુથી બિલિયન લાઈવ્સ ફાઉન્ડેશન દ્વારા સ્વર્ગ વૃદ્ધાશ્રમ ખાતે ચાર્જ ઝોનની ટીમના સહયોગથી દિવાળીના પર્વની વિશેષ ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ વૃદ્ધાશ્રમના વડીલોના જીવનમાં ખુશી, આનંદ અને ઉત્સાહ લાવવાનો હતો.

કાર્યક્રમની શરૂઆત સૌના ઉષ્માભર્યા સ્વાગતથી કરવામાં આવી હતી. ત્યારબાદ દિવાળીના પર્વનું મહત્વ સમજાવી દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. વડીલો અને ટીમના સભ્યોએ ઉત્સાહપૂર્વક રંગોળી તથા ક્રાફ્ટ કોલાજ પ્રવૃત્તિમાં ભાગ લીધો હતો. ત્યારબાદ નાસ્તા સાથે ૯૦ના દાયકાનાં લોકપ્રિય ગીતોનો આનંદ માણ્યો હતો.



કાર્યક્રમનું ખાસ આકર્ષણ વડીલો સાથેની યાદગાર વાતચીત રહી હતી, જેમાં તેમણે પોતાના બાળપણની દિવાળી, પરંપરાઓ અને દિવાળીની ખાસ યાદો સૌ સાથે વહેંચી હતી. ચાર્જ ઝોનની ટીમે પણ સમગ્ર કાર્યક્રમમાં સક્રિય ભાગ લઈને ઉજવણીને વધુ આનંદમય બનાવી હતી.

આ પહેલ દ્વારા બિલિયન લાઈવ્સ ફાઉન્ડેશને સમાજમાં વડીલો પ્રત્યે પ્રેમ, આદર, સંભાળ અને સહભાગિતાનું મહત્વ દર્શાવ્યું હતું.

સાચી દિવાળી ત્યારે ઉજવાય છે, જ્યારે આપણા આનંદમાં બીજાના જીવનમાં પણ ખુશીઓનો પ્રકાશ ફેલાય.

ફોન પર 'હેલો' નહીં, 'હરિ ઓમ'થી કરો સંસ્કૃતિનું અભિવાદન!

'KRISHNA FOREVER' ભજન જામિંગમાં વ્રજરાજકુમારજી મહોદયશ્રીનો યુવાનોને સંસ્કાર અને સનાતન પરંપરા જાળવવાનો સંદેશ



(પ્રતિનિધિ) વડોદરા તા.6

વડોદરા ખાતે VYO યુથ વિંગ દ્વારા વ્રજધામ આધ્યાત્મિક સંકુલ, માંજલપુરમાં 'KRISHNA FOREVER 2026 - ભજન જામિંગ' કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. પરંપરાગત કૃષ્ણભક્તિ અને આધુનિક સંગીતના અનોખા સંગમ સમા આ કાર્યક્રમમાં યુવાનો ભક્તિના રંગે રંગાયા હતા.

આ પ્રસંગે વૈષ્ણવાચાર્ય પૂજ્ય શ્રી વ્રજરાજકુમારજી મહોદયશ્રીએ યુવાનોને સંબોધતાં જણાવ્યું હતું કે, ફોન ઉપાડતી વખતે 'હેલો'ના બદલે પહેલાં 'હરિ ઓમ' અને ત્યારબાદ 'જય શ્રીકૃષ્ણ' બોલવાની આદત કેળવવી જોઈએ. 'હેલો' પશ્ચિમી સંસ્કૃતિનું પ્રતીક છે, જ્યારે 'હરિ ઓમ' ભારતીય સંસ્કૃતિ અને આધ્યાત્મિક પરંપરાની ઓળખ છે. આધુનિક ટેક્નોલોજી અપનાવવાની સાથે ભારતીય સંસ્કારોને પણ જીવનમાં જાળવવા તેમણે અનુરોધ કર્યો હતો.

કાર્યક્રમમાં 'આધ્યાત્મિક અનુષ્ઠાનોનું મહત્ત્વ - ભાગ ૨' વિષય પર વિશેષ ઉદ્બોધન દ્વારા ભક્તિ, ઈશ્વરસ્મરણ અને સંસ્કારોનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું હતું. યુવા કલાકાર પ્રિયાંશ શાહે આધુનિક સંગીતના તાલે કૃષ્ણભજનોની લાઈવ પ્રસ્તુતિ કરી સૌને મંત્રમુગ્ધ કર્યા હતા.

'આ દિવાળી, ભક્તિવાળી વાઈબ'ના સંદેશ સાથે યોજાયેલા આ કાર્યક્રમમાં આધુનિકતા અને આધ્યાત્મિકતા એકસાથે આગળ વધી શકે છે તેવો સંદેશ આપવામાં આવ્યો હતો. VYO દ્વારા રાષ્ટ્રીય સ્વયંસેવક નોંધણી અભિયાન મારફતે યુવાનોને માનવસેવા, પર્યાવરણ સંરક્ષણ અને સામાજિક કાર્યોમાં જોડાવા પણ પ્રેરિત કરવામાં આવ્યા હતા.

રાજેન્દ્ર શાહની વૈષ્ણવ વણિક પરિવારના પૂર્વ ઝોન મંત્રીપદે વરણી

(પ્રતિનિધિ) વડોદરા તા.6

વડોદરા સમસ્ત વૈષ્ણવ વણિક પરિવાર દ્વારા સંગઠનના પાંચ ઝોનના હોદ્દેદારોની નિમણૂક કરવામાં આવી છે. જેમાં જબુગામના વૈષ્ણવ સમાજના અગ્રણી અને ડભોઈ દશાલાડ સમાજના શ્રેષ્ઠી રાજેન્દ્ર જે. શાહની પૂર્વ ઝોનના મંત્રીપદે વરણી કરવામાં આવી છે.



રાજેન્દ્ર શાહ પુષ્ટિ સંપ્રદાયના મહાપ્રભુજીના સિદ્ધાંતોના પ્રચાર-પ્રસાર તેમજ વિવિધ સમાજોમાં નિઃસ્વાર્થ સેવાકીય પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા છે. તેમની વરણી થતાં વૈષ્ણવ સમાજમાં આનંદની લાગણી જોવા મળી છે.

સમસ્ત વૈષ્ણવ વણિક પરિવારના પ્રમુખ ડો. મિતેશભાઈ શાહ, મહામંત્રી નૈતિકભાઈ શાહ સહિત અગ્રણીઓ દ્વારા આ નિમણૂક કરવામાં આવી હતી. વિશ્વ લાડ સમાજ મુંબઈના ઉપપ્રમુખ અંબુભાઈ શાહ, શશીકાંતભાઈ પરીખ, દક્ષેશભાઈ શાહ, રાજેશભાઈ પરીખ, ડો. આર.બી. ભેંસાણિયા સહિત વિવિધ સમાજના આગેવાનો, હોદ્દેદારો અને મહિલા અગ્રણીઓએ રાજેન્દ્ર શાહની વરણીને આવકારી અભિનંદન પાઠવ્યા હતા.

ચાર દરવાજા વિસ્તારને ખાલી કરાવવાની સોપારી આપી છે કે શું?

ચાર દરવાજા વિસ્તારની મૂળ ઓળખ ભૂંસાઈ રહી હોવાનો પૂર્વ કાઉન્સિલરનો આક્ષેપ

કોમર્શિયલ દબાણોથી રસ્તા સાંકડા થતાં રહીશો પરેશાન

(પ્રતિનિધિ) વડોદરા, તા. 6

વડોદરાના ઐતિહાસિક ચાર દરવાજા વિસ્તારમાં વધતાં કોમર્શિયલ દબાણો અને સાંકડા થતા રસ્તાઓનો મુદ્દો ફરી ચર્ચામાં આવ્યો છે. વોર્ડ-14ના પૂર્વ કાઉન્સિલર અને ભાજપના કાર્યકર વિજય પવારે સોશિયલ મીડિયા પર આ મુદ્દે તીખી પોસ્ટ કરતાં તંત્રની કામગીરી સામે સવાલો ઉઠાવ્યા છે.

વિજય પવારે પોસ્ટમાં સવાલ કર્યો છે કે, ચાર દરવાજા વિસ્તારને ખાલી કરાવવા માટે કોઈને સોપારી આપી દેવામાં આવી છે કે શું? તેમના જણાવ્યા મુજબ, રસ્તાઓ પર બેફામ વ્યાપારી દબાણોને કારણે ગલીઓ સાંકડી બની ગઈ છે. સામાન્ય દિવસોમાં પણ ટ્રાફિકની સમસ્યા રહે છે, જ્યારે તહેવારોમાં રહીશો માટે ઘરની બહાર નીકળવું મુશ્કેલ બને છે.

સતત પાંચમાં વર્ષે મનોદિવ્યાંગ બાળકો સાથે દિવાળી ઉજવતું બરોડા યુથ ફેડરેશન



દિપાવલી પર્વની ઉજાસને વધારે તેજસ્વી બનાવવાનો અનોખો પ્રયાસ

(પ્રતિનિધિ) વડોદરા, 6

આજથી રમા એકાદશી સાથે દિપાવલી પર્વની સત્તાવાર રીતે શરૂઆત થઈ ગઈ છે, ત્યારે બરોડા યુથ ફેડરેશન દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે, સતત પાંચમાં વર્ષે મનોદિવ્યાંગ બાળકો સાથે દિવાળીની ઉજવણી કરવામાં આવી છે. જેમાં ટીમના સભ્યો દ્વારા ફટાકડા ફોડી, ભવ્ય આતશબાજી કરીને, તેમજ મીઠાઈ અને ભેંટ આપીને ઉજવણીની અનોખી પરંપરાને જાળવી રાખવામાં આવી છે. સંસ્થાના ફાઉન્ડર રૂક્મિલ શાહનું કહેવું છે કે, આ ખાસ બાળકો વર્ષોથી અમારો પરિવાર છે, તેમની ગેરહાજરીમાં તહેવારની ઉજવણી અમારા માટે અધુરી છે, અમે છેલ્લા પાંચ વર્ષથી આ પ્રકારે દિવાળીની અનોખી ઉજવણી કરી રહ્યા છીએ.

રૂક્મિલ શાહે વધુમાં જણાવ્યું કે, અમારી સંસ્થા શિક્ષણ, સંસ્કૃતિ, આત્મનિર્ભરતા સહિત અનેક વિસ્તારોમાં નોંધનીય કામગીરી કરી રહી છે. હાલ દિપાવલી પર્વ નજીક છે, ત્યારે છેલ્લા પાંચ વર્ષની પરંપરાને અનુસરીને મનોદિવ્યાંગ બાળકો સાથે દિપાવલીની ઉજવણી કરવામાં આવી છે. આ એ બાળકો છે, જેમની જેને સમાજની હુંફ-લાગણીની વધારે જરૂરત છે. આજે અમે તેમની સાથે ફટાકડા ફોડીને, તેમની જોડે મીઠાઈ વહેંચીને તેમને ભેંટ આપવામાં આવી છે.

તેમણે વધુમાં ઉમેર્યું કે, આ સમયે તેમણે ચીચીયારીઓ સાથે અમારા પ્રયાસોને બિરદાવી લીધા હતા, જેને અમે તેમના આશિર્વાદ માનીએ છીએ.

લુણાવાડા નગર સેવા સદન

ઇ-નિવિદા નં-૩૬૫ સને-૨૦૨૬-૨૭

ચીફ ઓફિસરશ્રી, નગર સેવા સદન, લુણાવાડા ૩૮૯૨૩૦, ફોન નં ૦૨૬૭૪ ૨૫૦૦૦૬ દ્વારા નીચે મુજબના કામો માટે ઇ-ટેન્ડરીંગ પદ્ધતિથી ઓનલાઇન ટેન્ડરો માંગવામાં આવે છે.

અ.નં.	કામનું નામ	રકમ રૂા.
૧.	સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના સને.૨૦૨૪-૨૫ની ગ્રાન્ટમાંથી લુણાવાડા નગરપાલિકા વિસ્તારમાં જુદી-જુદી જગ્યાએ આર.સી.સી. રોડ બનાવવાના કુલ-૪ કામ.	૧,૯૧,૯૩,૮૨૦/-

(૧) એજન્સીની પાત્રતા- ઠેકેદારોશ્રીઓનું રજીસ્ટ્રેશન યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ હોવું જોઇએ તથા ટેન્ડર ડોક્યુમેન્ટમાં રાખેલ જોગવાઇ મુજબ (૨) ઓનલાઇન ટેન્ડર ટેકનીકલ બીડ ભરવાની છેલ્લી તારીખ-૦૨/૧૨/૨૦૨૬ (૧૮.૦૦ કલાક સુધી) (૩) ટેન્ડર ફી, બાનાની રકમ તથા અન્ય ટેન્ડરમાં દર્શાવેલ દસ્તાવેજો રજુ કરવાની તારીખ-૦૨/૧૨/૨૦૨૬ થી તારીખ-૧૦/૧૨/૨૦૨૬ સુધી રજીસ્ટર પોસ્ટ એડીથી મોકલવાની રહેશે. (૪) બાનાની રકમ માટે બાના મુક્તિ પ્રમાણપત્ર સ્વીકારવામાં આવશે નહીં. વધુ વિગતો http://nprocure.com વેબસાઇટ પરથી મેળવી શકાશે. ઓનલાઇન ટેન્ડરમાં તેમજ જાહેરાતમાં જણાવેલ દસ્તાવેજો ઓનલાઇન ટેકનીકલ બીડમાં મુકવાના રહેશે તેમજ તે તમામ દસ્તાવેજો ફીઝીકલ બીડ સાથે રજીસ્ટર પોસ્ટ એડીથી સમયમર્યાદામાં મોકલવાના રહેશે અને ઓનલાઇન સ્કેન કરી મુકેલ દસ્તાવેજો જ માન્ય ગણાશે અને તે મુજબના દસ્તાવેજો ફીઝીકલ બીડમાં મુકેલ હશે તે જ માન્ય રહેશે. ટેન્ડરને મંજુર કે ના મંજુર કરવાની સત્તા સક્ષમ અધિકારીશ્રી પાસે અબાધીત રાખેલ છે.

(જીગ્નેશકુમાર બી.પંડ્યા) અધ્યક્ષ, બાંધકામ સમિતી લુણાવાડા નગરપાલિકા
(સમીરકુમાર આર.મહેતા) કારોબારી અધ્યક્ષ લુણાવાડા નગરપાલિકા
(દિનેશભાઇ એલ.કામોર) ઉપપ્રમુખ લુણાવાડા નગરપાલિકા
(નરેશભાઇ બી.મુનિયા) મુખ્ય અધિકારી લુણાવાડા નગરપાલિકા
(ડો.કિર્તીકુમાર આર.પટેલ) પ્રમુખ લુણાવાડા નગરપાલિકા

તા. ૦૫/૧૧/૨૦૨૬

(માહિતી/ગોધરા/૬૧૩/૨૬)

ઓન લાઇન ટેન્ડરીંગ

જાહેર નિવિદા નં.૨૬, સને.૨૦૨૬-૨૭

પંચમહાલ જિલ્લા પંચાયત મા×મ વિભાગ, ગોધરા.

કાર્યપાલક ઇજનેરશ્રી, પંચાયત (મા×મ) વિભાગ, જિલ્લા પંચાયત, પંચમહાલ-ગોધરા, ફોન નં. ૦૨૬૭૨-૨૫૩૩૮૪ દ્વારા ઓનલાઇન ઇ-ટેન્ડર માન્ય ઇજારદારશ્રીઓ પાસેથી રસ્તાના પેકેજ-૦૩, રસ્તા-૧૧, અને સ્ટ્રક્ચર-૦૩ મળી કુલ-૧૭ કામ જેની અંદાજી રકમ રૂા.૯૭.૯૨ લાખ થી રૂા.૩૩૪.૭૫ લાખ સુધી ની કિંમત માટે ના ઇ-ટેન્ડરો માંગવામાં આવે છે. ટેન્ડર ના દસ્તાવેજો http://tender.nprocure.com વેબસાઇટ અને ટેન્ડર નોટીસ માહિતી નિયામકશ્રીની www.statetendersgujarat.gov.in ઉપર જોવા મળશે. ઇજારદારશ્રીઓએ ઓન લાઇન ની વેબ સાઇટ ઉપર ટેન્ડર ભરવાના રહેશે. ટપાલ માર્ગ કે રૂબરૂ ટેન્ડર સ્વીકારવામાં આવશે નહીં.

મુળભુત ટેન્ડર દસ્તાવેજ રજા સિવાયના દિવસોમાં કચેરી સમય દરમિયાન જોવા મળશે.

ઇ-ટેન્ડરીંગ અંગેનું સમયપત્રક નીચે મુજબ છે.

ઓન લાઇન સબ મિશન ની છેલ્લી તારીખ.	તા.૩૦/૧૧/૨૦૨૬ સમય ૧૮.૦૦ કલાક સુધી.
ટેન્ડર ઓપનીંગ (ઓનલાઇન)	તા.૦૧/૧૨/૨૦૨૬ સમય ૧૨.૦૦ કલાક

(માહિતી/ગોધરા/૬૧૭/૨૬)

ઇંડિયન બૈંક Indian Bank ▲ इलाहाबाद ALLAHABAD

ડનલોપ બ્રિજ શાખાઃ ૧૪૯ બીટી રોડ, ડનલોપ આઈએસઆઈ, જિલ્લોઃ નોર્થ ૨૪ પરગણાસ, પશ્ચિમ બંગાળ- ૭૦૦૧૦૮

કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)

આથી, અમો નીચે સહી કરનારા, સીક્યુરીટાઇઝેશન અને રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ અને એન્ફોર્સમેન્ટ સીક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ની જોગવાઈ હેઠળ ઈંડિયન બેંક, ના અધિકૃત અધિકારી છીએ અને મજકુર કાયદાના સેકશન ૧૩(૧૨) નિયમ ૮ અને ૯ સાથે વાંચતા અને સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ અંતર્ગત મળેલી સત્તાની રૂએ, તા.૨૯/૦૮/૨૦૨૬ ના રોજ કરજદાર/જામીનદાર/મોર્ગેજર- (૧) હિન્દુસ્તાન ફાઈબર ગ્લાસ વર્કસ પ્રાઈવેટ લીમીટેડ (કરજદાર-મોર્ગેજર), (૨) શ્રી શંકરલાલ પટેલ (ડિરેક્ટર/જામીનદાર/મોર્ગેજર) (૩) શ્રી આશિષ પટેલ (ડિરેક્ટર/જામીનદાર/મોર્ગેજર) (૪) શ્રી અનુપમ પટેલ (જામીનદાર/મોર્ગેજર), (૫) શ્રી હર્ષ પટેલ (જામીનદાર/મોર્ગેજર), (૬) શ્રીમતિ હંસાબેન પટેલ (જામીનદાર/મોર્ગેજર), (૭) શ્રીમતિ મણીબેન પટેલ (જામીનદાર/મોર્ગેજર), ને અમારી ડનલોપ બ્રિજ શાખા દ્વારા ડિમાન્ડ નોટિસ પાઠવી હતી. સદર નોટીસ દર્શાવેલી રકમ રૂા.૫૯,૮૮,૭૮,૯૨૧/- (રૂપિયા ઓગણસાંઠ કરોડ અઠ્ઠયાસી લાખ ઈઠ્ઠોતેર હજાર નવસો એકવીસ પુરા) જે તા. ૨૯/૦૮/૨૦૨૬ ના રોજની બાકી સહિતની રકમ સદરહુ નોટીસ મળ્યાની તારીખથી ૬૦ દિવસમાં પરત ચુકવવા જણાવ્યું હતું.

કરજદાર નાણાં ભરપાઈ કરવામાં નિષ્ફળ ગયા હોઈ, કરજદાર તથા જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે સદરહુ કાયદાના સેકશન ૧૩ (૪) રૂલ્સ ૮ અને ૯ સાથે વંચાણે લઈને, મળતાં અધિકારની રૂએ, બેંકના અધિકૃત અધિકારીએ નીચે દર્શાવેલ સ્થાવર મિલ્કતનો સત્તાની કબજો તારીખ ૦૫/૧૧/૨૦૨૬ ના રોજ સંભાળી લીધેલ છે.

આથી ખાસ કરીને કરજદાર(ઓ) તથા જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે, કે તે મિલ્કત ઉપર કોઈપણ જાતનો વ્યવહાર કરવો કે કરાવવો નહિ કે લે-વેચ કરવી નહિ કે હસ્તાંતર કરવો નહિ તથા જો એવું કરવામાં આવશે તો તે ઈંડિયન બેંક માટે બાકી પડતી રકમ રૂા.૫૯,૮૮,૭૮,૯૨૧/- (રૂપિયા ઓગણસાંઠ કરોડ અઠ્ઠયાસી લાખ ઈઠ્ઠોતેર હજાર નવસો એકવીસ પુરા) જે તા.૨૯/૦૮/૨૦૨૬ ના રોજની બાકી ઉપરાંત તેના ઉપર વ્યાજ અને અન્ય ચાર્જીસ બાકી રકમના બોજાને આધિન રહેશે.

અહી કરજદારનું ધ્યાન આકૃષ્ટ કરવામાં આવે છે, કે જણાવેલ સમય મર્યાદામાં સરફેસી એક્ટના સેકશન ૧૩(૮) હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતોને બાકી લેણા ભરપાઈ કરી પાછી મેળવી શકો છો.

સ્થાવર મિલકતનું વર્ણન

જે અસ્કયામતો પર સીક્યુરીટી ઈન્ટરેસ્ટ રાખવામાં આવ્યું છે, તેની વિસ્તૃત વિગતો નીચે મુજબ છેઃ મોર્ગેજ મિલકતોઃ ૧૩ (૨) મુજબની મિલકત નં. ૨:- તમામ ભાગ અને હિસ્સો ધરાવતી બિલ્ડીંગ અને માળખુ જે પરીસર નં. ૧૬ સ્થિત નબીન ચંદ્ર દાસ રોડ જિલ્લો ૨૪ પરગણાસ પીએસ બેંગ્લોર, કલકત્તા ૭૦૦૦૯૦ સબ રજીસ્ટ્રી કોસીપોર ડમ ડમ મૌઝા નૌવપરા ગામ સહિત બેંગ્લોર નગરપાલિકા અને છેલ્લા સમાધાનમાં નોંધાયેલ જેએલ નં. ૯, રેવન્યુ સર્વે નં. ૨૨, તૌઝી નં. ૧૭૩, ખાતીયન નં. ૨૮૪, ડેગ નં. ૧૮૪ અને ૧૮૫ મા સમાયેલ માપ ૩ વીઘા અથવા ૬૦ કોટાહ થોડા વધુ કે ઓછા સમાન હોય છે. જે મિલકત શ્રી ગોવિંદ પટેલ (ના મૃત્યુથી તેના કાનુની વારસદારો દ્વારા પ્રતિનિધિત્વ કરવામાં આવે છે). શ્રી શંકરલાલ પટેલ, શ્રીમતિ મણીબેન પટેલ, શ્રીમતિ હંસાબેન પટેલ, શ્રી હર્ષ પટેલ, શ્રી આશિષ પટેલ અને શ્રી અનુપમ પટેલ. ડીડ ઓફ કન્વેયન્સ નં. ૭૭૪૧/૨૦૦૭ તા. ૧૭/૦૪/૨૦૦૬. ચતુર્દિશાઃ ઉત્તરઃ કાલીપાડા દાસ પરિસર, દક્ષિણઃ નબીનચંદ્ર દાસ રોડ, પૂર્વેઃ ૧૫, નબીનચંદ્ર દાસ રોડ અને મસ્જીદ, પશ્ચિમઃ નગરપાલિકા પેસેજ.

તારીખ : ૦૫/૧૧/૨૦૨૬
સ્થળ : સુરત

અધિકૃત અધિકારી, ઈંડિયન બેંક.

(નોટીસ અંગ્રેજી ભાષા કરતા જો અન્ય ભાષામાં હોય તો, કોઈપણ કાયદાકીય ગૂચવણ હેતુ, અંગ્રેજી ભાષાની નોટીસ જ માન્ય રહેશે)

યૂકો બૈંક UCO BANK (भारत सरकार का उपक्रम) (A Govt. of India Undertaking) सम्मान आपके विश्वास का Honours Your Trust

ગોત્રી શાખા : દુકાન નં. ૨, મધુ આઈકન, યશ કોમ્પ્લેક્ષની પાસે, ગોત્રી, વડોદરા-૩૯૦૦૨૧. • ઈમેલ : gotri@ucobank.co.in

પઝેશન નોટિસ

ધી સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨, નિયમ ૮(૧)

આથી, **(સ્થાવર મિલકત માટે)**

નીચે સહી કરનાર **યુકો બેંક, ગોત્રી શાખા, વડોદરા**ના અધિકૃત અધિકારીશ્રીએ સિક્યોરીટાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ અધિનિયમ, ૨૦૦૨ (૫૪ ઓફ ૨૦૦૨) તથા કલમ ૧૩(૧૨) અને ૧૩(૨)ની સત્તા સાથેસિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૩ સહિત અંતર્ગત **તા. ૨૬.૦૮.૨૦૨૬**ના રોજ **શ્રી રાજ ભેરૂભાઈ મારવાડી, શ્રીમતી પુજા મારવાડી**ને ડીમાન્ડ નોટીસ જારી કરીને **રૂા. ૩૭,૭૮,૬૧૯.૪૮/- (રૂા. સાડત્રીસ લાખ ઈઠ્ઠોતેર હજાર છસો ઓગણીસ અને અડતાલીસ પુરા)** (તા. ૩૦.૦૬.૨૦૨૬ ના રોજ થી મુદ્દલ ચડત વ્યાજનું પ્રતિનિધિત્વ કરે છે.) તા. ૨૯.૦૭.૨૦૨૬ થી ચડત વ્યાજ અન્ય ચાર્જીસ સાથે નોટીસ મળ્યાના ૬૦ દિવસમાં ચુકવવા જણાવવામાં આવ્યું હતું.

ઉધારકર્તાઓને ઉપરોક્ત સંપૂર્ણ રકમ ચુકવવામાં કસુરવાર થતાં આથી ઉધારકર્તાઓ તથા જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અધિનિયમ ધી સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ની કલમ ૧૩ ની પેટા કલમ (૪)ના ઉક્ત નિયમો હેઠળના નિયમ ૮ અંતર્ગત મળેલ સત્તાની રૂએ નીચે સહી કરનારે **તા. ૦૫.૧૧.૨૦૨૬** ના રોજ નીચે જણાવેલ મિલકતનો **સાંકેતિક કબજો** લઈ લીધો છે.

ઉધારકર્તા/જામીનદારને વિશેષ રૂપથી તથા જાહેર જનતાને આથી સદરહુ મિલકત અંગે કોઈપણ જાતનો વ્યવહાર ન કરવાની ચેતવણી આપવામાં આવે છે. સદરહુ મિલકત અંગે કરેલો કોઈપણ વ્યવહાર **યુકો બેંક, ગોત્રી શાખા, વડોદરા** ની રકમ રૂા. ૩૭,૭૮,૬૧૯.૪૮/- **(રૂા. સાડત્રીસ લાખ ઈઠ્ઠોતેર હજાર છસો ઓગણીસ અને અડતાલીસ પુરા)** તા. ૩૦.૦૬.૨૦૨૬ના રોજ થી મુદ્દલ ચડત વ્યાજનું પ્રતિનિધિત્વ કરે છે.) તા. ૨૯.૦૭.૨૦૨૬ ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથેના બોજા સહિત રહેશે. (૧૩(૨)ની ડિમાન્ડ નોટીસ આપ્યા પછી આવેલ રકમ બાદ કરીને)

અહીં ઉધારકર્તાઓનું ધ્યાન આકરુષ્ટ કરવામાં આવે છે તે જણાવેલ સમય મર્યાદામાં સેકસન ૧૩ના સબ સેક્શન (૮) હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતના બાકી લ્હેણાં ભરપાઈ કરી પાછી મેળવી શકો છો.

સ્થાવર મિલકતનું વર્ણન

શ્રી રાજ ભેરૂભાઈ મારવાડી, શ્રીમતી પુજા મારવાડીની માલિકની મિલકતનો પ્લોટ નં. સી/૬૦, પ્લોટ એરીયા ૯૨.૩૪ સ્કે.મીટર, કોમન રોડ અને અવિભાજીત કોમન પ્લોટ એરીયા ૧૫.૩૨ સ્કે.મીટર, કુલ એરીયા ૧૦૭.૬૬ સ્કે.મીટર, ગ્રાઉન્ડ ફ્લોર અને પહેલો માળ એરીયા ૧૧૫૦ સ્કે.ફીટ, પ્રણવાટીકા-૨, જે જમીનનો સર્વે નં. ૪૦૬/૨ પૈકી ૭૭૨૬ સ્કે.મીટર, પૈકી ૨૧૫૫.૦૫ સ્કે.મીટર યાને કે ૨૩૧૯૭ સ્કે. ફીટ અને સર્વે નં. ૪૧૮/૧, ક્ષેત્રફળ ૧૯૩૮૩ સ્કે.મીટર પૈકી ૯૭૧૫.૨૬ સ્કે.મીટર, મોજે-બાપોદ, તાલુકા અને સબ જિ. વડોદરા, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રકટ-વડોદરા ખાતે આવેલ સ્થાવર મિલકત.

ચતુરસીમા : ● પુર્વે : પ્લોટ નં. સી/૭૧ ● ઉત્તરે : પ્લોટ નં. સી/૬૧
● પશ્ચિમે : ૭.૫૦ મીટરનો રોડ ● દક્ષિણે : માર્જીન સ્પેસ

તારીખ : ૦૫.૧૧.૨૦૨૬
સ્થળ : વડોદરા

સહી/- અધિકૃત અધિકારી, યુકો બેંક

(વિવાદીત સ્થિતી અંગ્રેજી જાહેર ખબર માન્ય રહેશે.)

ઓનલાઈન ટેન્ડરીંગ

WRD Equity Efficiency Sustainability

નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
"ઈ" પ્રોક્યોરમેન્ટ નોટીસ નં.૧૭ સને ૨૦૨૬-૨૭
ગુજરાત સરકાર

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના વતી કાર્યપાલક ઈજનેરશ્રી, પાનમ યોજના વિભાગ, પાનમ કોલોની, ગોધરા-૩૮૯૦૦૧ જી.પંચમહાલ, ફોન નં. (૦૨૬૭૨) ૨૪૧૮૧૨ દ્વારા યોગ્ય શ્રેણીમાં નોંધણી ધરાવતા ઇજારદારો પાસેથી ૦૪(ચાર) કામો માટે ઓનલાઇન ભાવો એસ.બી.ડી ફોર્મ માં મંગાવવામાં આવે છે. જેની અંદાજીત રકમ રૂ.૭.૭૭ લાખ થી રૂ.૪૮.૮૧ લાખ સુધીની છે.

ઓનલાઈન ટેન્ડર ડોક્યુમેન્ટ વેબસાઈટ http://nwr.nprocure.com પર તા.૨૩/૧૧/૨૦૨૬, ૧૮-૦૦ કલાક સુધી ઉપલબ્ધ રહેશે.

જ્યારે કામના ઓનલાઇન ટેન્ડરમાં જણાવ્યા મુજબ ડોક્યુમેન્ટ તા.૩૦/૧૧/૨૦૨૬, ૧૮-૦૦ કલાક સુધી રજી. પોસ્ટ એડી.થી મોકલવાના રહેશે.

વધુ વિગતો માટે ઉપરોક્ત વેબસાઈટ અથવા રૂબરૂ કચેરીએ કચેરીના કામકાજના સમય દરમ્યાન સંપર્ક સાધવા વિનંતી.

(માહિતી/ગોધરા/૬૧૬/૨૬)

ઇંડિયન બૈંક Indian Bank ▲ इलाहाबाद ALLAHABAD

ડનલોપ બ્રિજ શાખાઃ ૧૪૯ બીટી રોડ, ડનલોપ આઈએસઆઈ, જિલ્લોઃ ઉત્તર ૨૪ પરગણાસ, પશ્ચિમ બંગાળ- ૭૦૦૧૦૮

કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)

આથી, અમો નીચે સહી કરનારા, સીક્યુરીટાઇઝેશન અને રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ અને એન્ફોર્સમેન્ટ સીક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ની જોગવાઈ હેઠળ ઈંડિયન બેંક, ના અધિકૃત અધિકારી છીએ અને મજકુર કાયદાના સેકશન ૧૩(૧૨) નિયમ ૮ અને ૯ સાથે વાંચતા અને સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ અંતર્ગત મળેલી સત્તાની રૂએ, તા.૨૯/૦૮/૨૦૨૬ ના રોજ કરજદાર/જામીનદાર/મોર્ગેજર- (૧) હિન્દુસ્તાન ફાઈબર ગ્લાસ વર્કસ પ્રાઈવેટ લીમીટેડ (કરજદાર-મોર્ગેજર), (૨) શ્રી શંકરલાલ પટેલ (ડિરેક્ટર/જામીનદાર/મોર્ગેજર) (૩) શ્રી આશિષ પટેલ (ડિરેક્ટર/જામીનદાર/મોર્ગેજર) (૪) શ્રી અનુપમ પટેલ (જામીનદાર/મોર્ગેજર), (૫) શ્રી હર્ષ પટેલ (જામીનદાર/મોર્ગેજર), (૬) શ્રીમતિ હંસાબેન પટેલ (જામીનદાર/મોર્ગેજર), (૭) શ્રીમતિ મણીબેન પટેલ (જામીનદાર/મોર્ગેજર), ને અમારી ડનલોપ બ્રિજ શાખા દ્વારા ડિમાન્ડ નોટિસ પાઠવી હતી. સદર નોટીસ દર્શાવેલી રકમ રૂા.૫૯,૮૮,૭૮,૯૨૧/- (રૂપિયા ઓગણસાંઠ કરોડ અઠ્ઠયાસી લાખ ઈઠ્ઠોતેર હજાર નવસો એકવીસ પુરા) જે તા. ૨૯/૦૮/૨૦૨૬ ના રોજની બાકી સહિતની રકમ સદરહુ નોટીસ મળ્યાની તારીખથી ૬૦ દિવસમાં પરત ચુકવવા જણાવ્યું હતું.

કરજદાર નાણાં ભરપાઈ કરવામાં નિષ્ફળ ગયા હોઈ, કરજદાર તથા જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે સદરહુ કાયદાના સેકશન ૧૩ (૪) રૂલ્સ ૮ અને ૯ સાથે વંચાણે લઈને, મળતાં અધિકારની રૂએ, બેંકના અધિકૃત અધિકારીએ નીચે દર્શાવેલ સ્થાવર મિલ્કતનો સત્તાની કબજો તારીખ ૦૬/૧૧/૨૦૨૬ ના રોજ સંભાળી લીધેલ છે.

આથી ખાસ કરીને કરજદાર(ઓ) તથા જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે, કે તે મિલ્કત ઉપર કોઈપણ જાતનો વ્યવહાર કરવો કે કરાવવો નહિ કે લે-વેચ કરવી નહિ કે હસ્તાંતર કરવો નહિ તથા જો એવું કરવામાં આવશે તો તે ઈંડિયન બેંક માટે બાકી પડતી રકમ રૂા.૫૯,૮૮,૭૮,૯૨૧/- (રૂપિયા ઓગણસાંઠ કરોડ અઠ્ઠયાસી લાખ ઈઠ્ઠોતેર હજાર નવસો એકવીસ પુરા) જે તા.૨૯/૦૮/૨૦૨૬ ના રોજની બાકી ઉપરાંત તેના ઉપર વ્યાજ અને અન્ય ચાર્જીસ બાકી રકમના બોજાને આધિન રહેશે.

અહી કરજદારનું ધ્યાન આકૃષ્ટ કરવામાં આવે છે, કે જણાવેલ સમય મર્યાદામાં સરફેસી એક્ટના સેકશન ૧૩(૮) હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતોને બાકી લેણા ભરપાઈ કરી પાછી મેળવી શકો છો.

સ્થાવર મિલકતનું વર્ણન

જે અસ્કયામતો પર સીક્યુરીટી ઈન્ટરેસ્ટ રાખવામાં આવ્યું છે, તેની વિસ્તૃત વિગતો નીચે મુજબ છેઃ

(૧) મોર્ગેજ મિલકતોઃ ૧૩ (૨) મુજબની મિલકત નં. ૧ : તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સપૂર્ણ ફેક્ટરી જમીન અને બિલ્ડીંગ જે વડોદરા, ગુજરાત સ્થિત GIDC Industrial Estate માં આવેલ ૨૩૨/૧, ૨૩૨/૨, ૨૩૨/૩, ૨૩૨/૪, ૨૩૧/૩, ૨૩૧/૪, ૨૩૬/૧ અને ૨૩૬/૨ નંબરના પ્લોટ પર આવેલી સંપૂર્ણ ફેક્ટરીની જમીન અને ઈમારત (જેમાં કુલ ૮ શેડનો સમાવેશ થાય છે) આ તમામ ૮ પ્લોટ/શેડ લીઝહોલ્ડ (ભાડાપટ્ટાના) છે અને દરેકનું આવરી લેવાયેલું ક્ષેત્રફળ ૭૦૩ ચોરસ મીટર છે. આ મિલકત મેસર્સ હિન્દુસ્તાન ફાઈબર વર્ક્સ પ્રાઈવેટ લિમિટેડ ના નામે ૯૯ વર્ષના ભાડાપટ્ટા (લીઝ) પર લેવામાં આવી છે. ચતુઃદિશાઓ- (૧) શેડ નં. ૨૩૨/૧: ઉત્તરેઃ ૨૦ મીટર પહોળો રસ્તો, દક્ષિણેઃ શેડ નં. સી૧- ૨૩૭/૧, પૂર્વેઃ શેડ નં. સી૧બી- ૨૩૧/૪, પશ્ચિમેઃ શેડ નં. સી૧બી- ૨૩૨/૨. (૨) શેડ નં. ૨૩૨/૨: ઉત્તરેઃ ૨૦ મીટર પહોળો રસ્તો, દક્ષિણેઃ શેડ નં. સી૧-૧૩૭/૨, પૂર્વેઃ શેડ નં. સી૧બી-૨૩૨/૧, પશ્ચિમેઃ શેડ સી૧બી-૨૩૨/૩. (૩) શેડ નં. ૨૩૨/૩ અને ૪: ઉત્તરેઃ ૨૦ મીટર પહોળો રસ્તો, દક્ષિણેઃ શેડ નં. સી૧-૨૩૭/૩ અને ૪, પૂર્વેઃ શેડ નં. સી૧બી-૨૩૨/૨, પશ્ચિમેઃ શેડ નં. સી૧બી-૨૩૨/૫, (૪) શેડ નં. ૨૩૧/૩: ઉત્તરેઃ ૨૦ મીટર પહોળો રસ્તો, દક્ષિણેઃ શેડ નં. સી૧-૨૩૬/૩, પૂર્વેઃ શેડ નં. સી૧બી-૨૩૧/૨, પશ્ચિમેઃ શેડ નં. સી૧બી-૨૩૧/૪, (૫) શેડ નં. ૨૩૧/૪: ઉત્તરેઃ ૨૦ મીટર પહોળો રસ્તો, દક્ષિણેઃ શેડ નં. સી૧-૨૩૬/૪, પૂર્વેઃ શેડ નં. સી૧બી-૨૩૧/૩, પશ્ચિમેઃ શેડ નં. સી૧બી-૨૩૨/૧, (૬) શેડ નં. ૨૩૬/૧: ઉત્તરેઃ સી૧બી-૨૩૧/૧, દક્ષિણેઃ ૧૪ મીટર પહોળો રસ્તો, પૂર્વેઃ પ્લોટ નં. ૨૨૯ (દુકાનો), પશ્ચિમેઃ શેડ નં. સી૧બી-૨૩૬/૨ અને (૭) શેડ નં. ૨૩૬/૨: ઉત્તરેઃ સી૧-૨૩૬/૨, દક્ષિણેઃ ૧૪ મીટર પહોળો રસ્તો, પૂર્વેઃ સી૧/૨૩૬/૧, પશ્ચિમેઃ સી૧/૨૩૬/૩.

(૨) મોર્ગેજ મિલકતોઃ ૧૩ (૨) મુજબની મિલકત નં. ૩ : તમામ ભાગ અને હિસ્સો ધરાવતી જમીન જે પ્લોટ નં.૪૬૪, પોર રામંગમડી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, પોર, તાલુકો અને જિલ્લો વડોદરા, ગુજરાત ગામની હદમાં આવેલા સર્વે નં. ૯૭૩/પાર્ટ, ૯૭૪/પાર્ટ, ૯૭૫/પાર્ટ, ૧૧૪૨/પાર્ટ, ૧૧૪૪/પાર્ટ અને ૧૧૪૫/પાર્ટનો સમાવેશ થાય છે. આ જમીનનું ક્ષેત્રફળ આશરે ૯૯૫૩.૭૯ ચોરસ મીટર છે અને તેના પર શેડ/ઈમારત આવેલી છે. જે મેસર્સ હિન્દુસ્તાન ફાઈબર ગ્લાસ વર્ક્સ દ્વારા ભાડાપટ્ટા પર લીધેલ જેનો સમયગાળોઃ ૯૯ વર્ષ. લીઝડીડ નં. BRA-6/MNJ/1181, વર્ષ ૨૦૧૬. ચતુઃદિશાઓ- ઉત્તરેઃ ૨૦ મીટર પહોળો રસ્તો, દક્ષિણેઃ ૩૦ મીટર પહોળો રસ્તો, પૂર્વેઃ ઈન્ડસ્ટ્રીયલ પ્લોટ નં. ૪૬૫, પશ્ચિમેઃ ઈન્ડસ્ટ્રીયલ પ્લોટ નં. ૪૬૩.

(૩) મોર્ગેજ મિલકતોઃ ૧૩ (૨) મુજબની મિલકત નં. ૪ : તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સપૂર્ણ ફેક્ટરી જમીન અને બિલ્ડીંગ પ્લોટ નં. ૧૩૧,૧૩૨,૧૩૩, પોર રામંગમડી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, પોર, તાલુકો અને જિલ્લો વડોદરા, ગુજરાત ગામની હદમાં આવેલા સર્વે નં. ૧૦૫૦/પી, ૧૦૫૧/પી, ૧૦૫૩/પી, ૧૦૫૪/પી, ૧૦૬૬/પી નો સમાવેશ થાય છે. આ જમીનનું ક્ષેત્રફળ આશરે ૫૦૭૮ ચોરસ મીટર છે અને તેના પર રૂફ ટાઈપ બાંધકામનું અંદાજીત માપ ૮૦૦ ચો.મીટર છે. મેસર્સ હિન્દુસ્તાન ફાઈબર ગ્લાસ વર્ક્સ દ્વારા ભાડાપટ્ટા પર લીધેલ જેનો સમયગાળોઃ ૯૯ વર્ષ. લીઝડીડ નં. BRA-6/MNJ/788, વર્ષ ૨૦૧૭. ચતુઃદિશાઓ- ઉત્તરેઃ ઈન્ડસ્ટ્રીયલ પ્લોટ નં. ૧૩૪, દક્ષિણેઃ ૨૦ મીટર પહોળો રસ્તો, પૂર્વેઃ ૨૪ મીટર પહોળો રસ્તો, પશ્ચિમેઃ ૨૦ મીટર પહોળો રસ્તો.

(૪) મોર્ગેજ મિલકતોઃ ૧૩ (૨) મુજબની મિલકત નં. ૫ : તમામ ભાગ અને હિસ્સો ધરાવતી લીઝહોલ્ડ સ્થાવર મિલકત ઈન્ડસ્ટ્રીયલ પ્લોટ / શેડ નં. ૪૦૮,૪૦૯ અને ૪૧૦ જેનું માપ ૮૧૮૬.૩૪ ચો. મીટર્સ જે GIDC Industrial Estate, પોર રામંગમડી જે જમીનનો રે.સર્વે નં. ૧૬૩/પી, ૧૬૪/પી, ૧૬૭/પી (તથા અન્ય નંબરો), મોજે ગામ પોર-રામંગમડી, રજીસ્ટ્રેશન સબ જી. અને જી. વડોદરા. મેસર્સ હિન્દુસ્તાન ફાઈબર ગ્લાસ વર્ક્સ દ્વારા ભાડાપટ્ટા પર લીધેલ જેનો સમયગાળોઃ ૯૯ વર્ષ. લીઝડીડ નં. BRA/6/MNJ/1959, વર્ષ ૨૦૧૮. ચતુઃદિશાઓ- ઉત્તરેઃ ૨૦ મીટર પહોળો રસ્તો, દક્ષિણેઃ ૫૦.૦૦ મીટરનો ઉપયોગમાં લેવાયેલ કોરિડોર, પૂર્વેઃ ઈન્ડસ્ટ્રીયલ પ્લોટ નં. ૪૧૧, પશ્ચિમેઃ ૧૬ મીટર પહોળો જીઆઈડીસીનો રસ્તો.

ગીરો મૂકેલી અસ્કયામતો (Hypothecated assets): GIDC, વડોદરા ખાતે પેઢીના સ્ટોક, લેણાં (Book-debts) અને અન્ય તમામ હાલની અસ્કયામતો, હાલની અને ભવિષ્યની તમામ ગીરો મૂકવામાં આવી છે. આ ઉપરાંત, પેઢીના સમગ્ર પ્લાન્ટ અને મશીનરી, ફર્નિચર અને ફિક્સ્ચર, અન્ય સ્થિર અસ્કયામતો, વાહનો (જેના માટે અમારી બેંક દ્વારા ધિરાણ આપવામાં આવ્યું નથી), કોમ્પ્યુટર વગેરે હાલના અને ભવિષ્યના (જમીન અને શેડ સિવાય) પણ ગીરો મૂકવામાં આવ્યા છે.

તારીખ : ૦૬/૧૧/૨૦૨૬
સ્થળ : વડોદરા

અધિકૃત અધિકારી, ઈંડિયન બેંક.

(નોટીસ અંગ્રેજી ભાષા કરતા જો અન્ય ભાષામાં હોય તો, કોઈપણ કાયદાકીય ગૂચવણ હેતુ, અંગ્રેજી ભાષાની નોટીસ જ માન્ય રહેશે)

[Appendix - IV-A] [રૂલ 8 (6) r/w 9(1)ની જોગવાઈ જુઓ]

અચલ મિલકતના ઈ-હરાજી વેચાણ માટેની જાહેર નોટિસ

એડલવાઈસ એસેટ રીકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ

CIN: U67100MH2007PLC174759

રજિ. ઓફિસઃ એડલવાઈસ હાઉસ, પહેલો માળ, ઓફ સી.એસ.ટી. રોડ, કાલીના, મુંબઈ - 400098.

સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટ્રસ્ટ એક્ટ, 2002ની સેક્શન 8 (6) અને 9(1)ની જોગવાઈઓને સાથે વાંચતા સિક્યોરિટી ઈન્ટ્રસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ('રૂલ્સ') હેઠળ અચલ સુરક્ષિત અસ્કયામતોના વેચાણ માટેની ઈ-હરાજી વેચાણ નોટિસ.

નીચે દર્શાવેલ વિવિધ વેચાણ સંસ્થાઓ (ત્યારબાદ 'એસાયનર' તરીકે ઓળખાતી)ની નાણાકીય સુવિધાઓ, કોલમમાં સ્પષ્ટપણે દર્શાવેલા વિવિધ ટ્રસ્ટોના ટ્રસ્ટી તરીકે વતી કામ કરતી એડલવાઈસ એસેટ રીકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડને સોંપવામાં આવી છે. ઉક્ત સોંપણીના અનુસંધાનમાં, EARCએ એસાયનરનું સ્થાન લીધું છે અને સુરક્ષિત લેણાદાર તરીકે તેના અધિકારોનો ઉપયોગ કરે છે. EARCએ, સુરક્ષિત લેણાદાર તરીકેની તેની ક્ષમતામાં, સરફેસી (SARFAESI) એક્ટની કલમ 13(4) અને તેના હેઠળના નિયમો હેઠળ નીચે દર્શાવેલ અચલ સુરક્ષિત અસ્કયામતોનો કબજો લીધો હતો.

સામાન્ય જનતાને અને વિશેષરૂપે ઋણ લેનારો અને ગેરંટરોને 15 દિવસની નોટિસ આપવામાં આવે છે કે સુરક્ષિત લેણાદારની તરફેણમાં ગિરવે મૂકવામાં આવેલ નીચે વર્ણવેલ અચલ સુરક્ષિત અસ્કયામતો, જેનો ભૌતિક કબજો અધિકૃત અધિકારી (AO) દ્વારા લેવામાં આવ્યો છે, તે EARC ને ઋણ લેનારાઓ અને ગેરંટરો પાસેથી મળેલા કોઈપણ નાણાંને બાદ કરતાં EARCને ચૂકવવાપાત્ર બાકી રકમની વસૂલાત માટે વધુ વ્યાજ અને અન્ય ખર્ચ/ખર્ચાઓ સાથે 'જે છે જ્યાં છે', 'જે છે જે સ્થિતિમાં છે' અને 'જે કંઈ પણ છે તે સ્થિતિમાં છે'ના ધોરણે વેચવામાં આવશે. મિલકત માટે અનામત કિંમત અને અર્નેસ્ટ મની ડિપોઝિટ નીચે મુજબ છે.

ઈ-હરાજી માટે મૂકવામાં આવેલ સુરક્ષિત અસ્કયામતની વિગતોઃ

લોન એકાઉન્ટ નંબર / વેચાણ સંસ્થા	ઋણ લેનાર / સહ-ઋણ લેનાર / ગેરંટર / મોર્ટગેજરનું નામ	ટ્રસ્ટનું નામ	કુલ બાકી લેણાં (રૂ.)	અનામત કિંમત (રૂ.)	અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD) (રૂ.)	હરાજીની તારીખ અને સમય	કબજાનો પ્રકાર
AFH0009007 98541 / YES Bank Ltd	પ્રેમ કહાર (ઋણ લેનાર) / શ્યામભાઈ કહાર (સહ-ઋણ લેનાર) / કહાર કનૈયા શ્યામભાઈ (સહ-ઋણ લેનાર)	EARC-TRUST-SC-510	રૂ. 47,74,339.18 (તારીખ 05-11-2026 ના રોજની સ્થિતિએ)	Rs. 55,00,000/-	Rs. 5,50,000/-	25-11-2026 અને સવારે 11:30 વાગ્યે	ભૌતિક કબજો

મિલકતનું વર્ણનઃ સબ-પ્લોટ નં. D-7 નો તમામ ભાગ અને પાર્સલ, બાંધકામ વિસ્તાર 490 ચોરસ ફૂટ, અવિભાજ્ય પ્રમાણસર વિસ્તાર 29.00 ચોરસ મીટર, 'સાઈકૃષ્ણધામ' નામે ઓળખાતી સ્કીમ (રિવાઈઝ્ડ પ્લાન મુજબ સાઈ કૃષ્ણધામ તરીકે ઓળખાતી સ્કીમ), જે રેવન્યુ સર્વે નં. 278, ટી.પી. સ્કીમ નં. 5, ફાઇનલ પ્લોટ નં. 331/પૈકી, કુલ ક્ષેત્રફળ 1715 ચોરસ મીટર, મોજે કસબા ગામની સીમમાં, રજીસ્ટ્રેશન સબ-ડિસ્ટ્રિક્ટ અને જિલ્લો વડોદરાની હદમાં આવેલ છે અને તેની ચતુર્સીમા નીચે મુજબ છેઃ પૂર્વ - કોલોની રોડ, ઉત્તર - બ્લોક નં. ડી-6, પશ્ચિમ - માર્જિન જગ્યા પછી ચંદ્રોદય સોસાયટી, દક્ષિણ - મિલકતની ખુલ્લી જગ્યા.

હરાજી પ્રક્રિયા અંગેની મહત્વપૂર્ણ માહિતી

1.	EMDના ડિમાન્ડ ડ્રાફ્ટ (DD) 'EDELWEISS ASSET RECONSTRUCTION COMPANY LIMITED - EMD ACCOUNT' ના પક્ષમાં મુંબઈ ખાતે ચૂકવવાપાત્ર બનાવવા.	
2.	RTGS દ્વારા કરવામાં આવતી EMD ચુકવણી માટે વિગતોઃ ખાતાનું નામઃ EDELWEISS ASSET RECONSTRUCTION COMPANY LIMITED - EMD ACCOUNT; ખાતા નંબરઃ 000405158602; બેંકનું નામઃ ICICI BANK; IFSC કોડઃ ICIC0000004.	
3.	EMD સબમિટ કરવાની છેલ્લી તારીખઃ	હરાજીની તારીખથી 1 દિવસ અગાઉ પ્રાપ્ત થવું જોઈએ.
4.	બિડ સબમિટ કરવાનું સ્થળઃ	પહેલો માળ, એડલવાઈસ હાઉસ, ઓફ સી.એસ.ટી. રોડ, કાલીના, મુંબઈ - 400098.
5.	હરાજીનું સ્થળ (હરાજી માટેની વેબસાઇટ):	ઈ-હરાજી (https://auction.edelweissarc.in).
6.	ફોન નંબર સાથે સંપર્ક વ્યક્તિ.	કસ્ટમર કેરઃ 1800 266 6540,
7.	મિલકતની મુલાકાતની તારીખ અને સમયઃ	અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી.

હરાજી પ્રક્રિયા અંગેની મહત્વપૂર્ણ માહિતીઃ વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને EARC ની વેબસાઇટ પર આપેલી લિંક એટલે કે https://auction.edelweissarc.in જુઓ.

તારીખઃ 07.11.2026
સ્થળઃ મુંબઈ

અધિકૃત અધિકારી
એડલવાઈસ એસેટ રીકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ

Edelweiss Asset Reconstruction

યૂકો બૈંક UCO BANK (भारत सरकार का उपक्रम) (A Govt. of India Undertaking) सम्मान आपके विश्वास का Honours Your Trust

દાંડીયા બજાર શાખા : અપ્સરા એપાર્ટમેન્ટ્સ, પ્રોફ માણેકરાવ રોડ, વડોદરા-૩૯૦૦૦૧. ફોન : ૯૧૪૭૪૦૪૩૨૭, ઈમેલ : dandia@uco.bank.in

પઝેશન નોટિસ

કલમ ૧૩(૪) હેઠળ **(સ્થાવર મિલકત માટે)**

આથી, નીચે સહી કરનાર **યુકો બેંક, દાંડીયા બજાર શાખા, વડોદરા** અધિકૃત અધિકારીશ્રીએ સિક્યોરીટાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ અધિનિયમ, ૨૦૦૨ (૫૪ ઓફ ૨૦૦૨) (ત્યાર બાદ અધિનિયમ તરીકે ઓળખવામાં આવનાર) તથા કલમ ૧૩(૧૨) અને ૧૩(૨)ની સત્તા સાથેસિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૩ સહિત અંતર્ગત **તા. ૧૭.૦૮.૨૦૨૬**ના રોજ કરજદારો **શ્રીમતી નેહા હરીશભાઈ કહરને** ડીમાન્ડ નોટીસ જારી કરીને **રૂા. ૧૨,૫૯,૧૫૯/- (રૂા. બાર લાખ ઓગણસાઠ હજાર એકસો ઓગણસાઠ પુરા)** (તા. ૩૦.૦૭.૨૦૨૭ ના રોજ થી મુદ્દલ ચડત વ્યાજનું પ્રતિનિધિત્વ કરે છે.) તા. ૧૭.૦૮.૨૦૨૬ના રોજ થી ચડત વ્યાજ, લીગલ ચાર્જીસ, અન્ય ચાર્જીસ અને આનુંસગિક ખર્ચાઓ સાથે નોટીસ મળ્યાના ૬૦ દિવસમાં ચુકવવા જણાવવામાં આવ્યું હતું.

ઉધારકર્તા/જામીનદારોને ઉપરોક્ત સંપૂર્ણ રકમ ચુકવવામાં કસુરવાર થતાં આથી ઉધારકર્તા તથા જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અધિનિયમ ની કલમ ૧૩(૪)ના ઉક્ત નિયમો હેઠળના નિયમ ૮ અંતર્ગત મળેલ સત્તાની રૂએ નીચે સહી કરનારે **તા. ૦૬.૧૧.૨૦૨૬** ના રોજ નીચે જણાવેલ મિલકતનો **સાંકેતિક કબજો** લઈ લીધો છે.

ઉધારકર્તાને વિશેષ રૂપથી તથા જાહેર જનતાને આથી સદરહુ મિલકત અંગે કોઈપણ જાતનો વ્યવહાર ન કરવાની ચેતવણી આપવામાં આવે છે. સદરહુ મિલકત અંગે કરેલો કોઈપણ વ્યવહાર **યુકો બેંક, દાંડીયા બજાર શાખા, વડોદરા**ની રકમ **રૂા. ૧૨,૫૯,૧૫૯/- (રૂા. બાર લાખ ઓગણસાઠ હજાર એકસો ઓગણસાઠ પુરા)**(તા. ૩૦.૦૭.૨૦૨૬ ના રોજ થી મુદ્દલ ચડત વ્યાજનું પ્રતિનિધિત્વ કરે છે.) તા. ૧૭.૦૮.૨૦૨૬ના રોજ થી ચડત વ્યાજ ચાર્જીસ સાથેના બોજા સહિત રહેશે. (કલમ ૧૩(૨)ની ડિમાન્ડ નોટીસ આપ્યા પછી આવેલ રકમ બાદ કરીને)

અહીં ઉધારકર્તાઓનું ધ્યાન આકરુષ્ટ કરવામાં આવે છે તે જણાવેલ સમય મર્યાદામાં સેકસન ૧૩ના સબ સેક્શન (૮) હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતના બાકી લ્હેણાં ભરપાઈ કરી પાછી મેળવી શકો છો.

સ્થાવર મિલકતનું વર્ણન

જે મિલકતનો ફ્લેટ નં. ૪૦૨, ચોથો માળ, ચૈતન્ય ફ્લેટ, બિલ્ટ અપ એરીયાનો ક્ષેત્રફળ ૫૫૦.૦૦ સ્કે. ફીટ, અવિભાજીત ભાગની જમીનનો એરીયાનો ક્ષેત્રફળ ૧૨૦.૦૦ સ્કે. ફીટ અને જમીનનો રેવન્યુ સર્વે નં. ૫૮૫/૨ અને ૫૯૦, ટી.પી. સ્કીમ નં. ૩, એફ.પી. નં. ૯૩૨, મોજે-દંતેશ્વર, રજી. ડિસ્ટ્રીક્ટ અને સબ જિ. વડોદરા, જિ. વડોદરા આતે આવેલ સ્થાવર મિલકત.

ચતુરસીમા :
● પુર્વે : ૧૭.૫૦ મીટર રોડ ● ઉત્તરે : માર્જીન પછી એફ.પી. નં. ૯૩૩
● પશ્ચિમે : દિવાલ પછીનો ફ્લેટ નં. ૪૦૧ થી લાગુ ● દક્ષિણે : દાદર અને પાર્કિંગ

તારીખ : ૦૬.૧૧.૨૦૨૬
સ્થળ : વડોદરા

સહી/- અધિકૃત અધિકારી, યુકો બેંક

(વિવાદીત સ્થિતી અંગ્રેજી જાહેર ખબર માન્ય રહેશે.)